# ડીસામાં નિરાધાર વૃદ્ધ મહિલાનું ઘર પડી જતા બેઘર

## અવિરત વરસાદના પગલે મહિલાનો આશિયાનો છીનવાયો

અવિરત વરસાદના પગલે ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારના વિશ્વકર્મા નગરમાં રહેતી એક



વૃદ્ધ મહિલાનું ઘર જમીન દોસ્ત થઈ જતા નિરાધાર મહિલા બેઘર બની જવા પામી છે.

ડીસામાં છેલ્લા ત્રણેક દિવસથી વરસાદ અવિરત ખાબકી રહ્યો છે સતત વરસાદના કારણે અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા બેટમાં ફેરવાઈ ગયા છે તો રસ્તાઓ પણ તૂટી જતા પારાવાર નુકશાન થયું છે ખેતરો પણ વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતા પાક નિષ્ફળતાના આરે આવીને ઉભો છે. ત્યારે તાલુકા મથક ડીસાના વિશ્વકર્મા નગરમાં અવિરત વરસાદ સામે ઝીંક ઝીલી ન શકતા બબુબેન સરૂપચંદ ત્રિવેદી (ઉમર વ. ૮૩) નું ઘર પડી ગયું છે. અગાઉથી એકલવાયું જીવન ગુજારતા આ મહિલાનું ઘર પડી જવાથી હાલમાં તો તેમના ઘરનો સરસામાન વેર વિખેર થઈ ગયેલ છે. નિરાધાર વૃદ્ધ મહિલા બેઘર પણ બની જતા સોસાયટીમાં દુઃખની લાગણી છવાઈ છે ત્યારે ડીસાના સેવા પ્રેમીઓ સાથે તંત્ર પણ વૃદ્ધ મહિલાને સત્વરે મદદરૂપ થાય તેવો પ્રવર્તે છે. હજુ પણ બે દિવસ વરસાદની અગાહીને લઈ શહેરીજનોમાં પણ ભયની લાગણી છવાઈ છે.

# સુનસર ગ્રામ પંચાયતના જાહેરનામાનો ફિયાસ્કો

## કોરોના સામે બેફિકર સહેલાણીઓ ધોધ જોવા માસ્ક વગર ટોળેટોળામાં ઉમટ્યા, ધોધમાં મનમુકી નાહ્યા

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા પ્રચલિત સુનસર ધોધ જીવંત થતા ધોધમાથી ખડખડ વહેતા પાણીનો નયનરમ્ય નજારો અને સોળે કળાએ ખીલી ઉઠેલી વનરાજીનો લૂપ્ત ઉઠાવવા મોટી સંખ્યામાં સહેલાણીઓ જોવા માટે ઉમટી રહ્યા છે ત્યારે કોરોનાની મહામારીને લઈ સુનસર ગ્રામ પંચાયત દ્વારા ધોધની જગ્યાએ સહેલાણીઓને એકઠા ન થવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું. જે પ્રવાસી નિયમનો ભંગ કરશે તો રૂ.૧૦૦૦/- નો દંડ કરાશે.જયારે મોઢે માસ્ક અને રૂમાલ નહી બાંધનાર વ્યક્તિ સામે રૂ.૫૦૦ નો દંડ વસૂલવામાં આવશે.ત્યારે સુનસર ગ્રામ્ય પંચાયતે પડેલા જાહેરનામાંનો ફિયાસ્કો થયો હોય તેમ મોટી સંખ્યામાં રવિવારે સહેલાણીઓ માસ્ક વગર અને ટોળેટોળામાં ઉમટ્યા હતા ગ્રામ પંચાયતે



જાહેરનામું બહાર તો પાડ્યું પણ અમલવારી કરાવવામાં ઉણી ઉતરી હોય તેવા દ્રશ્યો સામાન્ય બન્યા છે જીલ્લા પોલીસતંત્રે ધોધ પર કોરોના મહામારી લઈ સરકારે જાહેર કરેલ ગાઈડ લાઈન સહેલાણીઓમાં અમલવારી કરાવે તેવું પ્રકૃતિ પ્રેમીઓ અને સ્થાનિકોમાં માંગ પ્રબળ બની છે.

શનિવારે રાત્રીથી ભિલોડા પંથકમાં ધોધમાર વરસાદ શરુ થતા વરસતા વરસાદમાં સુનસર ગામે આવેલા ધોધનો નયનરમ્ય પ્રાકૃતિક સુનસર ધોધ નો નજારો જોવા માટે અમદાવાદ,ગાંધીનગર,સાબરકાંઠા, મહેસાણા અને અરવલ્લી જીલ્લામાંથી મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા હતા જાણે આ ધોધમાં નાહવાથી કોરોના મુક્ત થવાતું હોય તેમ બેફિકર બની માસ્ક પહેર્યા વગર ટોળેટોળામાં ધોધના વહેતા પાણીમાં નાહવાની મજા લેવાની સાથે આજુબાજુના જંગલમાં રખડતાં જોવા મળ્યા હતા.

સહેલાણીઓની બેફિકરાઈથી સ્થાનિક લોકો ચિંતિત બન્યા હતા ત્યારે કોરોનાની મહામારીને લઈ સુનસર ગ્રામ પંચાયત બહાર પડાયેલ જાહેરનામા ધોધની જગ્યાએ સહેલાણીઓને એકઠા ન થવા અને જાહેરનામાનો ભંગ કરનાર પ્રવાસી નિયમનો ભંગ કરશે તો રૂ.૧૦૦૦/- નો દંડ કરાશે.જયારે મોઢે માસ્ક અને રૂમાલ નહી બાંધનાર વ્યક્તિ સામે રૂ.૫૦૦ નો દંડ વસૂલવામાં આવશેની ચુસ્ત અમલવારી કરાવવામાં નિષ્ફળ રહી હતી ગ્રામ પંચાયતે પણ જાહેરનામું પ્રસિદ્ધ કર્યા પછી ફક્ત ધોધના સ્થળે ચિપકાવી સંતોષ લીધો હોય તેવું લાગી રહ્યું છે.

# મોડાસામાં દુકાન પર બોર્ડ પાન પાર્લરનું પણ વેચાણ વિદેશી દારૂનું

## સહયોગ ચોકડી પર માહી પાન પાર્લર દુકાનમાંથી ૨૨ બોટલ દારૂ એલસીબીએ ઝડપ્યો

ગાંધીના ગુજરાતમાં દૂધ કરતા દારૂ વધુ વેચાતો હોવાની





બૂમો અનેકવાર ઉઠી છે અરવલ્લી જીલ્લામાં નવનિયુક્ત એસપી સંજય ખરાતના આગમન પછી બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે કેટલાક બુટલેગરો સ્થાનિક પોલીસ સાથે ભાઈબંધી બાંધી દારૂનો વેપલો કરી રહ્યા છે મોડાસા શહેરમાં દેશી-વિદેશી દારૂની ખુલ્લેઆમ હાટડીઓ ધમધમી રહી હોવાની સાથે વિદેશી દારૂની હોમડિલેવરી કરવાનું રેકેટ કેટલાક નામચીન બુટલેગરો વર્ષોથી ચલાવી રહ્યા છે મોડાસા શહેરમાં વિદેશી દારૂ,ગાંજો અને ચરસનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે વ્યસનના ખપ્પરમાં અનેક યુવાનો બરબાદીની ગર્તામાં ધકેલાઈ ગયા છે ત્યારે મોડાસા સહયોગ ચોકડી નજીક મેહુલ જયસ્વાલ નામનો બુટલેગર પોલીસતંત્ર અને કેટલાક રાજકીય પદાધિકારીઓના છૂપા આશીર્વાદથી પાન પાર્લરની આડમાં છેલ્લા કેટલાક મહીનાથી વિદેશી દારૂનો વેપલો ખુલ્લેઆમ ચલાવી રહ્યો હતો આ અંગેની બાતમી અરવલ્લી એલસીબી પોલીસને મળતા રેડ કરી પાનપાર્લર માંથી ૨૨ વિદેશી દારૂની બોટલ સાથે બુટલેગરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા શહેરની સહયોગ બાયપાસ ચોકડી નજીક કોલવડાનો મેહૂલ નરેન્દ્રકુમાર જયસ્વાલએ માહી પાનપાર્લરની દુકાનમાં વિદેશી દારૂનો વેપલો કરતા દારૂના રસિયાઓની લાઈન લાગતી હતી બુટલેગર દારૂની ખપતને પહોંચી વળવા પાન પાર્લર અને પાર્લર બહાર ઉભી રહેતી બે કારમાં પણ વિદેશી દારૂ ભરી રાખતો હોવાની ચર્ચા વચ્ચે જીલ્લા એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને તેમની ટીમે રવિવારે પાન પાર્લર પર ત્રાટકી દુકાનમાં સંતાડી રાખેલી વિદેશી દારૂની ૨૨ બોટલ સાથે બુટલેગર મેહુલ જયસ્વાલને દબોચી લીધો હતો પાન પાર્લરમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૨૨ કીં.રૂ.૨૦૦૦૦/- , મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ.રૂ.૩૩૩૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડી ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં ધમધમતા વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ કરી ટાઉન પોલીસનું નાક કાપ્યું હતું



અરવલ્લી જીલ્લામાં ગણેશ મહોત્સવના દસ દિવસ દરમિયાન ગણેશ ભક્તોએ પોતાના જ ઘરમાં ગણેશજીની મૂર્તિની સ્થાપના કરી સેવા પૂજા કરી હતી ચાલુ વર્ષે કોરોના મહામારી ને લીધે ગણેશ મહોત્સવના જાહેર કાર્યક્રમ યોજાઈ શકે તેમ ન હોવાને કારણે ગણેશ ભક્તોએ ઘેર ઘેર આસ્થાભેર ગણેશજીની મૂર્તિની સ્થાપના કરી હતી. અરવલ્લી જિલ્લાના ધનસુરાના પાયલબેન ભાવિનભાઈ ખાંટના ઘરે દસ દિવસ સુધી પૂજા અર્ચના કરી ગણેશજીને અલગ અલગ પ્રકારના પકવાન, ફળ, ફરસાણ વગેરે નો અન્નકૂટ ધરાવવામા આવ્યો હતો. ગણેશ ભક્તો આજે અનંત ચૌદશના દિવસે સરકારી ગાઈડલાઈન મુજબ ભગવાન ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરશે.

# નેનાવા ચેકપોસ્ટ ઉપર વિદેશી દારૂ ભરેલું ડાલું ઝડપાયું

## બે આરોપીની અટકાયત ૯,૫૮,૫૪૦નો મુદ્દામાલ જપ્ત

કોરોના મહામારી વચ્ચે ધાનેરા પોલીસે નેનાવા ચેકપોસ્ટ પરથી વિદેશી દારૂ ભરેલું પીકઅપ ડાલુ ઝડપી પાડ્યુ છે. ગઈકાલે બપોરના સમયે પોલીસ નેનાવા ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ કરી રહી હતી. આ દરમ્યાન મહીન્દ્રાનું પીકઅપ ડાલુ શંકાસ્પદ લાગતાં તેને રોકી તલાશી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે પીકઅપ ડાલાના ચોરખાનામાંથી રૂ.૧,૬૬,૦૪૦ નો દારૂ ઝડપી પાડ્યો હતો. આ સાથે પોલીસે બે ઈસમોની અટકાયત કરી કુલ ૪ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાની ધાનેરા પોલીસે દારૂ ભરેલું પીકઅપ ડાલુ ઝડપી પાડ્યુ છે. ગઈકાલે બપોરના સમયે પોલીસે નેનાવા ચેકપોસ્ટ પરથી દારૂ ભરેલું પીકઅપ ડાલુ ઝડપી પાડ્યુ હતુ. પોલીસે ડાલામાંથી વિદેશી દારૂના પાઉચ ભરેલ પેટીઓ નંગ-૧૨ જેની કિ.રૂ. ૧,૬૬,૦૪૦ નો દારૂ ઝડપી પાડ્યો હતો. આ સાથે પીકઅપ ડાલાની કિ.રૂ.૮,૦૦,૦૦૦, મોબાઈલ નંગ-૨ કિ.રૂ. ૨૫૦૦ મળી કુલ કિ.રૂ. ૯,૫૮,૫૪૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. પોલીસે તમામ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નારી શકિતને જગાડનાર માતા ભગવતી દેવી શર્માજીની ૨૬મી પૂણ્યતિથિ ઉજવાશે

મોડાસા, તા.૩૧

ભાદરવી પૂર્ણિમા એટલે મહાશક્તિ માં જગત જનનીનું આરાધના પર્વ. આમ તો સામાન્ય પરિસ્થિતિ હોત તો દરેક માર્ગો પર બોલ મારી અંબે જય જય અંબે...ના નારા ગુંજી રહ્યા હોત...અને મેળાવળાની જેમ ભક્તો અંબાજી તરફ આગળ વધી રહ્યા હોત. પરંતુ આ વખતે સ્વાસ્થ્યની વિકટ પરિસ્થિતિ નિયમો અનુસાર સંભવ ન હોવાથી ભક્તો ઘેર રહીને માંની ભક્તિ આરાધના કરી રહ્યા હશે.

ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારા એ માહિતી આપતા જણાવ્યું કે અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સ્થાપક વેદમૂર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજીના ધર્મપત્ની સ્નેહ અને મમતાભરી માતા ભગવતી દેવી શર્માજીએ આ ભાદરવી પૂર્ણિમા પર્વ પર સ્થૂળ શરીર છોડી મહા પ્રયાણ કર્યું હતું. સમગ્ર માનવજાતના ઉજ્જવળ ભવિષ્ય માટે પૂજ્ય ગુરુદેવે ગાયત્રી પરિવારની સ્થાપના કરી જન જનમાં વિચારોની ક્રાન્તિ માટે અનેક લોકસેવકોને જાગૃત કર્યા . જેની સંખ્યા આજે પંદર કરોડ સુધી પહોંચી રહી છે. જેઓના દ્વારા જનસેવાની અનેક રચનાત્મક પ્રવૃતિઓ અવિરત ચાલી રહી છે. આટલા મોટા અભિયાનમાં દરેકના હદયને સાચી માતાની મમતા ભર્યા સ્નેહનું સિંચન કરનાર માતા ભગવતી દેવી શર્માજી છે. સમગ્ર માનવજાતને બચાવવા સન્માર્ગે ચાલવા પ્રેરણા માટે તેમનો અનન્ય ફાળો રહ્યો છે. એવું વિરાટ વ્યક્તિત્વ કે ગમે તેવા દુઃખોથી ઘેરાયેલ વ્યક્તિ જ્યારે



આ માતા પાસે જતાં ત્યારે આ માં ની મમતા ભર્યા સ્નેહના સિંચન અને માર્ગદર્શનથી સૌ નવજીવન મળ્યાનો એહસાસ અનુભવ કરતા. તેમનો જન્મ ૧૯૨૬ માં થયો હતો. લગ્ન જીવન પછી પૂજ્ય ગુરુદેવ સાથે પડછાયાની જેમ રહી માનવજાતના ઉજ્જવળ ભવિષ્ય માટે સમર્પણ ભાવ રહ્યો. એટલે સુધી કે જ્યારે ગુરુદેવે પોતાની અઢળક સંપત્તિ જનસમાજની સેવામાં દાન કરી દીધી હતી. ત્યાર બાદ જ્યારે નાણાંની ભીસ પડી ત્યારે આ માતાજીને પોતાના પિયરમાંથી મળેલા તમામ સોનાના ઘરેણાં પણ ગાયત્રી પરિવાર માટે આપી દીધા હતા.

નારી જાગરણનો શંખનાદ કરનાર માતા ભગવતી દેવી એ નારી ઉત્થાન માટે ભારતમાં એક માત્ર પત્રિકા ૧૯૭૫ માં શરૂ કરી હતી. નર ઔર નારી એક સમાન નો નારો આપી મહિલાઓમાં જાગૃતિ લાવવા અનન્ય પ્રયાસ કરવામાં આવ્યા. જેથી મહિલાઓ માટેના કુરિવાજો નાબુદ કરવા તેમજ દિકરીઓના જન્મ માટે પણ મનની ભાવના બદલવામાં ગાયત્રી પરિવારનો સિંહફાળો રહ્યો છે.

આવા વિરાટ માતૃમમતા ભર્યા વ્યક્તિત્વ ધરાવતા માતા ભગવતી દેવી શર્માજી એ ૧૯૯૪ માં ભાદરવી પૂર્ણિમા એ પોતાનુ સ્થૂળ શરીર છોડી મહા પ્રયાણ કર્યું હતું. હાલમાં તેમની ભૂમિકા તેમની દિકરી શ્રદ્ધેયા શૈલબાલા પંડ્યાજી દ્વારા અવિરત આગળ વધી રહી છે. આવા ભગવતી માતાજીની ૨૬ મી પૂણ્યતિથિ ૨ સપ્ટેમ્બર, બુધવારે ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા મોડાસા તેમજ આસપાસના ગામોમાં સૌ સાધકો દ્વારા પોતાના ઘેર ઘેર ઉજવણી કરવામાં આવશે. આ દિવસે માનવમાત્રના ઉજ્જવળ ભવિષ્ય માટે યજ્ઞમાં વિશેષ આહુતિ આપવામાં આવશે. દિવસ દરમિયાન મંત્રજાપ સાધના તેમજ સાંજે ઘેર ઘેર પાંચ દિપક પ્રગટાવી દિપયજ્ઞમાં નારી સન્માન તેમજ નારી ઉત્થાન માટે વિશેષ કાર્ય કરવા સંકલ્પ લઈ માતાજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.

# પ્રાંતિજ ખાતે સથવારા કડીયા સમાજ દ્વારા સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

## નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખનું સન્માન કરાયુ

## સમાજ દ્વારા સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સથવારા કડીયા સમાજ દ્વારા



સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો જેમાં તાજેતરમાંજ પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ તરીકે બીનહરીફ વરણી થયેલ પ્રમુખ-ઉપપ્રમુખ નું સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે રહેતા સથવારા કડીયા સમાજ દ્વારા નાનીભાગોળ ખાતે આવેલ સમાજ વાડી ખાતે સન્માન સમારોહનુ આયોજન કરવામાં આવ્યું હતું. કડીયા દિપકભાઈ હસમુખભાઈ કે જેવો તાજેતરમાં પ્રાંતિજ નગરપાલિકામા બીનહરીફ પ્રમુખ તરીકે વરણી થતા સમાજ દ્વારા નગરપાલિકાનાના પ્રમુખ દિપકભાઈ હસમુખભાઈ કડીયા તથા નગરપાલિકાના ઉપપ્રમુખ જગદીશભાઈ લછુમલ કિમતાણી નું ફુલહાર શાલ ઓઢીડી ને સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, સમસ્ત પ્રાંતિજ સથવારા કડીયા સમાજના પ્રમુખ મણીભાઈ સથવારા, સમારંભના અધ્યક્ષ બદ્રીનારાયણ એલ.મિસ્ત્રી, દિનેશભાઈ કડીયા, દિપકભાઈ વી.કડીયા, પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખનું સમાજ વતી સન્માન કરવામાં આવ્યુંહતુ.

# શક્તિપીઠ અંબાજી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અંબાજીનગરનો અભ્યાસ વર્ગ યોજાયો

શક્તિપીઠ અંબાજી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આજરોજ અભ્યાસ વર્ગ જિલ્લા સમિતિ સદસ્ય અજય જોશી ની ઉપસ્થિતમાં યોજાયો હતો સહનગર મંત્રી તરીકે નિકુંજ પટેલ સહિતની ૧૭ જેટલી જવાબદારીઓ સોંપવામાં આવી હતી અને વિવિધ કારોબારી સભ્યોને પણ અભ્યાસ વર્ગમાં



એને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા અંબાજી ખાતે અભ્યાસ વર્ગનું આયોજન કરાયું હતું અને વિવધ જવાબદારીઓ સોંપવામાં આવી હતી અંબાજી નગર મંત્રી સહિત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ની વિવિધ જવાબદારીઓ આજે સોંપવામાં આવી હતી અંબાજી નગર મંત્રી તરીકે અંકિત ખારોલ, જવાબદારી સોંપવામાં આવી હતી વધુમાં વિદ્યાર્થી હિતમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ સદેવ અગ્રેસર રહી છે અને વિદ્યાર્થીઓના હિતમાં કાર્ય કરવા અજય ભાઈ જોષીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું અને આ અભ્યાસ વર્ગમાં સરકારી ગાઈડ લાઈન નું પણ પાલન કરવા માં આવ્યું હતું..

# સાબરકાંઠાના ચાર તાલુકાઓમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ

હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાએ છેલ્લા કેટલાક દિવસથી દે ધનાધન કરીને જિલ્લાવાસીઓને તૃપ્ત કરી દીધા છે. અને મોટાભાગની તમામ નદીઓમાં પૂર આવ્યું છે. તથા મોટા જળાશયો અને ડેમ ભરાઈ ગયા છે. અત્યાર સુધીમાં મેઘરાજાએ કરેલી મહેરને લીધે જિલ્લાના ચાર તાલુકાઓમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ થયો છે જ્યારે બાકીના ચાર તાલુકાઓમાં ૯૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. દરમિયાન સોમવારે વિજયનગરમાં ૧ અને ઈડર તથા પોશીના તાલુકામાં અડધા ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મજુબ સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં વરસાદનું ચિત્ર નિરાશાજનક રહ્યુ હતુ. પરંતુ ઓગષ્ટ માસના ઉત્તરાર્ધમાં મેઘરાજાએ મહેર કરીને જિલ્લાના તમામ તાલુકાઓને વરસાદી પાણીથી સંતૃપ્ત કરી દીધા છે. જે મુજબ જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ તલોદ તાલુકામાં ૧૧૬.૫૮ ટકા (૯૨૮ મી.મી.), ખેડબ્રહ્મા તાલુકામાં ૧૦૪.૫૨ ટકા (૮૭૯) મીમી., પ્રાંતિજ તાલુકામાં ૧૦૩.૧૫ (૮૫૧) મી.મી. અને વિજયનગર તાલુકામાં ૧૦૬.૭૫ (૯૦૨) મી.મી. વરસાદ પડતા હરણાવ, ખેડવા, બુઠેલી, ઈન્દ્રાસી અને હાથમતી નદીમાં ઘોડાપુર આવતા હરણાવ તથા હાથમતી ડેમ ઓવરફ્લો થયા છે. વધુ વરસાદને કારણે સોમવારે બપોર બાદ ભિલોડા પાસેના હાથમતી ડેમના વેસ્ટવીયરમાંથી પાણી છોડાતા લગભગ સાંજે આ પાણી હિંમતનગર તાલુકામાં પ્રવેશ્યુ હતુ.

# ભિલોડા તાલુકામાં ધીમીધારે સાર્વત્રીક મેઘ મહેર

ભિલોડા,તા.૩૧

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ભાદરવા માસ દરમ્યાન ધીમી ધારે સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન નદી, નાળા, તળાવો, જળાશયો છલકાયા છે. ખેડુતોમાં કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. લીલછા ગામ પાસેથી પસાર થતી ઈન્દ્રાસી નદીના ધસમસતા પાણીના પ્રવાહમાં કોઝ-વે ઓવરફ્લો હોઈ બાઈક સવાર ખેડુત મનસુરી દાઉદભાઈ અને તેઓના પત્ની તણાયા હતા પરંતુ પતિ,પત્નીનો આબાદ બચાવ થયો હતો.સ્થાનિક તરવૈયાઓએ ધસમસતા પાણીના પ્રવાહમાંથી બાઈક બહાર કાઢ્યું હતું.લીલછા-મુનાઈ વચ્ચે દર વર્ષે ચોમાસા દરમ્યાન જ્યારે જ્યારે ભારે વરસાદ હોઈ ત્યારે ઈન્દ્રાસી નદીનો કોઝ-વે ઓવરફ્લો થાય ત્યારે ગ્રામ્ય વિસ્તાર સંપર્ક વિહોણો બની જાય છે.

મેઘરાજાએ આ વર્ષે



ચોમાસાની સિઝન દરમ્યાન ધમાકેદાર બેટીંગ કરતા અરવલ્લીની ગીરીમાળાઓમાં ચારેતરફ લીલોતરી ઠેર-ઠેર જોવા મળે છે. સોળે કળાએ ખીલી ઉઠેલી નયનરમ્ય વનરાજીનો પ્રકૃતિપ્રેમીઓ, સહેલાણીઓ ભરપુર લાભ ઉઠાવી રહ્યા છે.અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં ઠેર-ઠેર ઝરણા ખલ ખલ વહેતા થઈ ગયા છે.

વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોઈ તેમ ચર્ચાય રહ્યું છે.કોરોના વાઈરસની મહામારી દરમ્યાન દિન-પ્રતિ-દિન કેસો વધવા છતાં બેફીકર સહેલાણીઓ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જીલ્લા સહિત દુર-દુરથી આવી રહ્યા છે. સહેલાણીઓના ટોળે-ટોળા સુનસરનો પ્રચલિત ધોધ જોવા અને નાહવા આવે છે પરંતુ મોટા ભાગે માસ્ક વગર સહેલાણીઓ બિન્દાસ્ત ફરતા હોય છે. સોશીયલ ડીર્સ્ટબન્સના લીરેલીરા ઉડી રહ્યા છે.